એક્સ્ટ્રા અફેર | રાજીવ પંડિત

rajeev.pandit@bombaysamachar.com

# ઑક્સિજનના અભાવે કોઈ ના મર્યું એ વાત કોણ માને?

કોરોનાના કેસ અને કોરોનાના કારણે થતાં મોતનો આંકડો ઘટી રહ્યો છે ત્યાં બીજી લહેર વખતે થયેલાં મોતના કારણે બબાલ મચી છે. કોરોનાની બીજી લહેર વખતે ઑક્સિજનની તંગીએ કાળો કેર વર્તાવેલો ને તેના કારણે ઘણાં મોત થયેલાં. રાષ્ટ્રીય સ્તરે આ મુદ્દો ગાજેલો ને પછી ભુલાઈ ગયેલો. મોદી સરકારે સંસદમાં ઑક્સિજનના અભાવે એક પણ મોત થયું નથી એવું કહ્યું પછી આ મુદ્દો ચગ્યો છે. એક બાજુ વિપક્ષો તૂટી પડ્યા છે ને સંસદને માથે લીધી છે. બીજી બાજુ સોશિયલ મીડિયામાં પણ આ મુદ્દો ગાજ્યો છે. એ સ્વાભાવિક પણ છે કેમ કે ઑક્સિજનના અભાવે કોઈનાં મોત થયાં નથી એ વાત કોઈના ગળે ઉતરે એવી જ નથી.

ભાજપે મોદી સરકારનો એમ કહીને બચાવ કર્યો કે, મોદી સરકારે જે પણ આંકડા આપ્યા છે એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ મોકલેલા ડેટાના આધારે આપ્યા છે. ને દેશના એક પણ રાજ્યે કે કેન્દ્રશાસિત પ્રદેશે કોરોનાના કારણે થયેલાં મોતનો ડેટા કેન્દ્રને મોકલ્યો તેમાં ઑક્સિજનના અભાવે એક પણ મોત થયું હોવાનું જણાવ્યું નથી. ભાજપમાં કોઈ પણ વિવાદ ઊભો થાય ત્યારે સંબિત પાત્રા બુદ્ધિનું પ્રદર્શન કરવા સૌથી પહેલાં કૂદી પડે છે. આ ઘટનામાં પણ એવું જ થયું છે ને પાત્રાએ દલીલ કરી છે કે, કૉંગ્રેસ સહિતના પક્ષોએ મોદી સરકારને સવાલ કરવાના બદલે પોતાના પક્ષની સરકાર છે એવાં રાજ્યોને સવાલ કરવો જોઈએ કે તેમણે કોરોનાના કારણે થયેલાં મોતની વિગતોમાં ઑક્સિજનના અભાવે મોત થયાનું કેમ નથી જણાવ્યું?

પાત્રાના સવાલનો જવાબ મેડિકલના નિષ્ણાતોએ આપ્યો છે. મેડિકલ નિષ્ણાતોના મતે, ડેથ સર્ટિફિકેટ એટલે કે મૃત્યુના પ્રમાણપત્રમાં મૃત્યનું કારણ મેડિકલ ટર્મિનિલોજી પ્રમાણે લખાય છે. મતલબ કે હાર્ટ એટેક, કાર્ડિયાક એરેસ્ટ, મલ્ટિપલ ઓર્ગન ફેઈલ્યોર, કિડની ફેઈલ્યોર એ પ્રકારનાં કારણો લખાય, કાર્ડિયાક એરેસ્ટ શાના કારણે આવ્યો કે પછી મલ્ટિપલ ઓર્ગન ફેઈલ્યોર માટે ક્યું કારણ જવાબદાર છે એ સર્ટિફિકેટમાં ના લખાય. આ કારણે ડૉક્ટર જાણતા હોય પણ તેનો ઉલ્લેખ ડેથ સર્ટિફિકેટમાં ના થયેલો હોય.

કોરોના રોગચાળામાં તો કોરોનાના કારણે મોત ઓછાં થયાં એ બતાવવા બધાં રાજ્યોએ કો-મોર્બિડની ગંદી રમત રમી છે. રાજ્યોએ પોતે કોરોના સામે સારી કામગીરી કરી છે એ બતાવવા કોરોનાના કારણે થતાં મૃત્યુને પણ કો-મોર્બિડમાં ખપાવી દીધાં છે. મતલબ કે, દર્દીને કોરોનાના કારણે હૉસ્પિટલમાં દાખલ કરાયો હોય પણ દર્દીને કોરોના થયા પહેલાં થયેલી કિડની, હૃદય કે બીજી કોઈ ગંભીર બિમારી હોય તો તેનું મોત થાય ત્યારે આ મોત કોરોનાના કારણે નહીં પણ કો-મોર્બિડ બીમારીના કારણે થયું છે એવું કાગળ પર બતાવી દેવાનું.

આ ખેલ બધી રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારે કર્યો છે. જેમણે પોતાનાં સ્વજનો કોરોનાના કારણે મોતને ભેટ્યાં છે તેમને તો આ રમતની જાણ છે જ. સ્વજનનું મોત કોરોનાના કારણે થયું હોવા છતાં મોટા ભાગના કિસ્સામાં ડેથ સર્ટિફિકેટમાં મોતનું કારણ અલગ જ હોય છે. હવે કોરોનાને મોતનું કારણ ના દર્શાવાતું હોય તો ઓક્સિજનના અભાવને તો મોતનું કારણ કઈ રીતે દર્શાવી શકાય? આ કારણે જ રાજ્યોએ જે ડેટા મોકલ્યા તેમાં ક્યાંય ઑક્સિજનનો અભાવ કારણભૂત હોવાનું ના દર્શાવ્યું. બીજું એ કે મોદી સરકારે રાજ્યો પાસે ઑક્સિજનના અભાવે થયેલાં મોતનો ચોક્કસ ડેટા પણ નહોતો માગ્યો. રાજ્યો પાસે એવો ડેટા માગ્યો હોત ને તેમણે વિગતો ના આપી હોત તો તેમના પર દોષારોપણ કરી શકાય પણ આ તો સીધું રાજ્ય પર જ આળ મૂકી દેવાયું.

પાત્રા પોતે ક્વોલિફાઈડ ડૉક્ટર છે, બલકે ક્વોલિફાઈડ સર્જન છે. ઓડિશાની સંભલપુરની મેડિકલ કૉલેજમાંથી એમબીબીએસ કરનારા પાત્રાએ કટકની મેડિકલ કૉલેજમાંથી જનરલ સર્જરીમાં એમ.એસ. પણ કર્યું છે. રાજકારણના રવાડે ચડીને ભાજપમાં સક્રિય થયા પહેલાં પાત્રા પ્રેક્ટિસ પણ કરતા હતા. એ રીતે જોઈએ તો પાત્રા મેડિકલના જાણકાર છે તેથી તેમને આ બધી વાતોની ખબર ના હોય એ શક્ય નથી પણ કોઈ માણસ જૂઠું જ બોલવા બેસે તો કઈ રીતે રોકી શકાય? પાત્રા પણ જૂઠાણાંના રવાડે ચડ્યા છે તેથી ડૉક્ટર તરીકેના પોતાના જ્ઞાનને કોરાણે મૂકીને રાજકારણી તરીકે વર્તી રહ્યા છે ને લોકોને જૂઠનો ડોઝ આપી રહ્યા છે. તમે કોઈ પક્ષની કંઠી બાંધો એટલે તમારી બુદ્ધિ સાવ ભ્રષ્ટ થઈ જાય ને સાચી વાત પણ તમે બોલી ના શકો એવું મોટા ભાગના કિસ્સામાં બને છે. પાત્રા પણ એ રોગનો શિકાર બની ગયા છે ને જૂઠ ચલાવી રહ્યા છે.

મોદી સરકારને ઑક્સિજનના અભાવે મોત થયાં નથી એવું જાહેર કરવામાં શું રસ છે એ સમજવું અઘરું છે પણ આ જાહેરાત આ સરકારમાં સંવેદનશીલતાનો અભાવ છે તેનો પુરાવો છે. સરકારી રાહે બનાવાયેલાં કાગળિયાંમાં બતાવાયેલાં ટૅક્નિકલ કારણોને આગળ ધરીને મોદી સરકારે અસંવેદનશીલતાનો પુરાવો આપ્યો છે. જે લોકોએ પોતાનાં સ્વજનોને ઑક્સિજનના કારણે ગુમાવ્યાં તેમના ઘા પર મીઠું ભભરાવ્યું છે. લોકોને નજર સામે જે દેખાય છે એ બન્યું જ નથી એવો દાવો કરીને મોદી સરકારે દેશનાં લોકોની ક્રૂર મજાક કરી છે.

આપણે આખા દેશમાં શું બન્યું છે તેની વાત ના કરીએ તો પણ સાત-આઠ તો એવા મોટા કિસ્સા છે જ કે જેમાં ઑક્સિજનના અભાવે દર્દી મર્યા હોય. કર્ણાટકના ચામરાજનગરનો કિસ્સો બહુ જાણીતો છે ને યોગાનુયોગ ગુરુવારે જ કર્ણાટક હાઈ કોર્ટે ૧૩ મૃતકના પરિવારને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાનો આદેશ આપ્યો. હાઈકોર્ટે સ્વીકાર્યું કે, આ મોત ઑક્સિજનના અભાવે થયાં છે.

ચામરાજનગરની ઘટનામાં સરકારી હૉસ્પિટલમાં ૨૪ દર્દીનાં મોત થયાં હતાં. આ બધા કોરોનાના દર્દી સરકારી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા ત્યારે રાતે દસેક વાગ્યે અચાનક ઑક્સિજન ખતમ થઈ જતાં દર્દીઓ તરફડી તરફડીને મર્યા હતા. આ ઘટનાની કોઈએ મીડિયાને જાણ કરી ને પત્રકારોએ સમયસૂચકતા બતાવીને અધિકારીઓ અને રાજકારણીઓને ફોન કર્યા તેમાં મૈસૂરના સાંસદ પ્રતાપ સિંહાએ સમયસૂકતા બતાવીને વધુ મોત થતાં રોકેલાં. સિંહાએ તાત્કાલિક મૈસૂરમાં એક ખાનગી કંપનીનો સંપર્ક કરીને ઑક્સિજનનાં ૧૫ સિલિન્ડર્સ મોકલાવ્યાં ને હૉસ્પિટલના કારભારીઓએ બીજાં ૧૫ સિલિન્ડર્સની વ્યવસ્થા કરી તેથી ટપોટપ લોકો મરતાં બચ્યાં પણ આ દુર્ઘટનામાં ઓક્સિજનના અભાવે ૨૪ લોકો તો મર્યા જ હતાં.

કર્ણાટકમાં તો ભાજપની સરકાર છે ને આ મુદ્દે હાઈ કોર્ટમાં અરજી થઈ પછી કર્ણાટક હાઈ કોર્ટે નિમેલી ફેક્ટ ફાઇડિંગ ટીમને કર્ણાટક સરકારે સત્તાવાર રીતે જણાવેલું કે, ૨ મેની રાત્રે ઑક્સિજનના અભાવને કારણે ચામરાજનગર આયુર્વિબાન સંસ્થાન (જિલ્લા હૉસ્પિટલ)માં ૩ દર્દીનાં મોત થયેલાં. મોદી સરકાર સંસદમાં એક પણ મોત નહીં થયાનું કહે છે જ્યારે ભાજપ શાસિત રાજ્ય જ ત્રણનાં મોત થયાનું કબૂલી ચૂકી છે.

આ તો એક ઘટનાની વાત કરી પણ આવી બીજી પણ મોટી ઘટનાઓ છે જ. મધ્ય પ્રદેશમાં એક ઠેકાણે હૉસ્પિટલમાં ઑક્સિજન ખૂટતાં વોર્ડ બોય અડધી રાતે એક દર્દીનું ઑક્સિજન સિલિન્ડર ઉઠાવીને લઈ ગયો ને બીજા દર્દીને લગાવી દીધું તેમાં દર્દી તરફડી તરફડીને મર્યો તેનો વીડિયો હજુય ફરી રહ્યો છે. મધ્ય પ્રદેશના જ શાહડોલમાં ઑક્સિજન ખૂટતાં ૧૨ લોકોનાં મોત થઈ ગયેલાં. દિલ્હીની જયપુર ગોલ્ડન હૉસ્પિટલમાં ઑક્સિજનની તંગીના કારણે ૨૦ દર્દી ગુજરી ગયા હતા જ્યારે પંજાબના અમૃતસરમાં છ દર્દીનાં મોત થયાં હતાં. મહારાષ્ટ્રના નાસિકમાં ઝાકિર હુસૈન હૉસ્પિટલમાં ઑક્સિજનને લગતી દુર્ઘટનામાં ૨૨ લોકોનાં મોત થઈ ગયેલાં. હૉસ્પિટલમાં ઑક્સિજન ટેંક લીક થઈ જતાં દર્દીઓને અપાઈ રહેલો ઑક્સિજનનો પુરવઠો લગભગ અડધા કલાક લગી અટકી ગયો તેમાં ૨૨ દર્દી મરી ગયેલાં.

આઘાતજનક વાત એ છે કે, આ દેશની સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું છે કે, ઑક્સિજનના અભાવે લોકોનાં મોત થયાં છે. ઑક્સિજનના અભાવે લોકોના મોત થતાં હતાં ત્યારે સુપ્રીમ કોર્ટે ઓક્સિજનના અભાવને નેશનલ ક્રાઈસિસ એટલે કે રાષ્ટ્રીય કટોકટી ગણાવેલી. આ મુદ્દે સરકાર શું કરે છે તેનો જવાબ માગેલો તે છતાં મોદી સરકાર ઑક્સિજનના અભાવે કોઈનાં મોત નથી થયાં એવું સાવ બેશરમ બનીને કહે છે.

સંસદમાં સવાલ પુછાયો તેનો જવાબ આપતી વખતે મોદી સરકારે સત્તાવાર રીતે મળેલો ડેટા આપ્યો તેમાં કશું ખોટું નથી પણ સાથે સાથે ટૅક્નિકલ કારણો પણ બતાવવાની જરૂર હતી. ટેકનિકલ કારણોસર ઑક્સિજનના અભાવે કેટલાં મોત થયાં તેના ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી પણ ઑક્સિજનના અભાવે લોકો મર્યા છે એવું એક વાક્ય સરકાર બોલી ગઈ હોત તો એ વાસ્તવિક લાગ્યું હોત. લોકોએ જે જોયું તે બન્યું જ નથી એવું કહો તો કોઈ માને ખરું?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર વર્ષાઋતુ), શુક્રવાર, તા. ૨૩-૭-૨૦૨૧ ગુરુ પૂર્ણિમા, મન્વાદિ

- ભારતીય દિનાંક ૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૩
- વિક્રમ સંવત ૨૦૭૭, શા. શકે ૧૯૪૩, આષાઢ સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૪૭, માહે આષાઢ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૦
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૧
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૦
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૨
- મીસરી રોજ ૧૪મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૨
- નક્ષત્ર પૂર્વાષાઢા બપોરે ક. ૧૪-૨૫ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૧૯-૫૭ સુધી, પછી મકર રાશિ માં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮ સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૩૭, રાત્રે ક. ૨૩-૩૨
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૫ (તા.૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૭, 'પરિધાવી' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૩, 'પ્લવ' નામ સંવત્સર, આષાઢ શુક્લ - ચતુર્દશી. ગુરુ પૂર્ણિમા, વ્યાસપૂજા, વ્રતની પૂનમ, આષાઢી પૂનમ, જૈન ચોમાસી ચૌદસ, કોકિલા વ્રતારંભ, મેલા જવાલામુખી (કાશ્મીર), અન્વાધાન, ભારતીય શ્રાવણ માસારંભ. શિવશયનોત્સવ (ઓરિસ્સા), મન્વાદિ, અન્વાધાન, સંન્યાસીના ચાતુર્માસ પ્રારંભ, બુધ પૂર્વમાં અસ્ત. વિષ્ટિ સવારે ક. ૧૦-૪૫ થી રાત્રે ક.૨૧-૨૫. સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં. વાહન અશ્વ, વાસુપૂજ્ય મોક્ષ કલ્યાણક.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શિક્ષક-માતા-પિતાનું પૂજન, તર્પણ શ્રાદ્ધ,શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા,શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, વિષ્ણુ સહસ્ત્રનામ વાંચન, તુલસી પૂજા, નવચંડી પૂજા, હવન, મધ્યાહ્નનો પ્રવાસ આંબાની ખીર ખાઈ પ્રયાણ, માલ વેંચવો, મિલકતની લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેચ, આંબળાના ઔષધ બનાવવા.
- આચમનઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ વિચારોમાં પરિવર્તનો
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ
- જૈન તિથિ નોંધઃ આજ રોજ અન્યત્ર આષાઢ સુદ-૧૫
- ગ્રહ ગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, અતિચારી માર્ગી બુધ-મિથુન, વક્રી ગુરુ-કુંભ,શીઘ્ર ગતિએ શુક્ર-સિંહ, વક્રી શનિ-મકર, રાહુ-વૃષભ, કેતુ-વૃશ્ચિક, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-કુંભ, વક્રી પ્લુટો-મકર.

સુખનો પાસવર્ડ | આશુ પટેલ

ashu.patel@bombaysamachar.com

# બીજાઓની સલાહને આધારે પોતાના જીવનનું લક્ષ્ય નક્કી ન કરવું જોઈએ

## પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે પોતાની જાતમાં સંપૂર્ણ વિશ્વાસ મુકવો જોઈએ

એક મિત્રએ કહ્યું કે તમે તો ક્રિએટિવ માણસ છો. કંઈક સલાહ આપોને. કોઈક જોરદાર આઈડિયા આપોને મને બિઝનેસ માટે!

મેં તે મિત્રને કહ્યું કે હું માત્ર આઈડિયાઝ આપી દઉં એનાથી તમે સફળ નહીં થઈ જાઓ. હું કે કોઈ તમને આઈડિયા કે માર્ગદર્શન આપી દઈએ એટલે સફળતા મળી જાય એવું નથી. આઈડિયા મળ્યા પછી આગળ તો જે કરવાનું હોય એ તો તમારે જ કરવાનું હોય. તમે કાર ચલાવતા હો એ વખતે હું તમને કહું કે આગળ જોખમી વળાંક આવે છે પછી એના આધારે સ્ટિયરિંગ પર અને કારની ગતિ પર તો તમારે જ કંટ્રોલ રાખવાનો હોય જેથી જોખમી વળાંકમાં કારનું અકસ્માત ન થઈ જાય કે કાર ઉથલીને ઊંડી ખીણમાં ન જઈ પડે. બીજાઓના ભરોસે જીવન ચલાવવા જઈએ તો જીવનમાં પણ આવા અકસ્માતો થવાની સંભાવના રહે છે.

લોકોની સલાહ સાંભળી લેવી જોઈએ, પણ પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે પોતાની જાતમાં સંપૂર્ણ વિશ્વાસ મુકવો જોઈએ. મોટા ભાગના માણસો નિષ્ફળ થાય ત્યારે ઓળિયોઘોળિયો આજુબાજુના લોકો પર નાખતા હોય છે. એવા ઘણા કિસ્સાઓ મેં જોયા છે. તમે પણ જોયા હશે.

મૌલિક વિચારો માણસને આગળ લઈ જતા હોય છે. સફળતા માટેના સૌથી મોટા પરિબળો પૈકી એક છે મૌલિકતા. પાઉલો કોએલ્હોએ ત્રણ દાયકા અગાઉ તેમના જગવિખ્યાત બનેલા 'અલકેમિસ્ટ' પુસ્તકમાં લખ્યું હતુંઃ વ્હેન યુ વોન્ટ સમથિંગ, ધ ઓલ યુનિવર્સ કોન્સપાયર્સ ઈન હેલ્પિંગ યુ ટુ અચિવ ઈટ. (તમે કોઈ વસ્તુ મેળવવા ઇરછો ત્યારે સમગ્ર સૃષ્ટિ તમારી મદદે આવી જતી હોય છે). પાઉલો કોએલ્હો જગવિખ્યાત એટલા માટે બન્યા છે કે કારણ કે તેમની પાસે મૌલિકતા છે. તેઓ કોઈના આઈડિયા પર વર્ક કરવા નથી ગયા કે કોઈની સલાહના આધારે કામ કરવા નથી ગયા.

તમને સલાહ આપનારી વ્યક્તિઓ જો ખરેખર સક્ષમ હોત તો તમારે બદલે એ જ જે તે વસ્તુ અમલમાં મૂકીને સફળતાની ટોચ પર પહોંચી ગઈ હોત!

ઘણા લોકો કહી ગયા છે અને હું પણ ઘણી વખત મજાકમાં મારા શબ્દોમાં કહેતો હોઉં છું કે પૈસાદાર બનવાના કીમિયાઓ આપતા લેખકો ગરીબ હોય તો તેમની વાત લોકોના ગળે નહિ ઊતરે! એ જ રીતે જીવનની ઠોકરો ન ખાધી હોય એવી વ્યક્તિ સલાહ આપે તો એ સલાહ સામેની કોઈને ઉપયોગી થવાની શક્યતાઓ નહિવત છે. પોકળ સલાહો અર્થહીન સાબિત થતી હોય છે.

બીજાઓના આઈડિયાઝ કે તેમની સલાહો સાંભળી લેવાય. પરંતુ, બીજાઓની સલાહને આધારે પોતાના જીવનનું લક્ષ્ય નક્કી ન કરવું જોઈએ.

## પહેલા પાનાનું ચાલુ

### મંત્રણા માટે આવો

પહોંચ્યા હતા. આ વિસ્તાર મધ્ય દિલ્હીમાં સંસદના સંકુલની નજીકમાં છે.

સંસદના ચોમાસુ સત્રમાં પણ વિરોધ પક્ષના સાંસદો નવા ત્રણ કૃષિ કાયદાનો વિરોધ કરી રહ્યા છે.

ખેડૂતોએ સલામતી વ્યવસ્થાનું ધ્યાન રાખીને નવમી ઑગસ્ટ સુધી દેખાવ કરવાની પરવાનગી મેળવી છે.

તોમરને જંતરમંતર ખાતે ખેડૂતોના આંદોલન અંગે પુછાયેલા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોએ આંદોલનનો માર્ગ છોડીને મંત્રણા માટે આગળ આવવું જોઇએ. અમે (સરકાર) મંત્રણા માટે તૈયાર છીએ.

કેન્દ્રના કૃષિ પ્રધાને જણાવ્યું હતું કે ખેડૂતો જો કોઇ દરખાસ્ત રજૂ કરશે તો અમે તે અંગે ચર્ચા કરીશું.

અગાઉ, સર્વોચ્ચ અદાલતે ભાવિ આદેશ ન અપાય ત્યાં સુધી નવા ત્રણ કૃષિ કાયદાનો અમલ અટકાવ્યો છે. તેણે ઉકેલ શોધવા એક સમિતિ રચી હતી. આ સમિતિએ પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો. (એજન્સી)

### પૅગાસસ જાસૂસીની

સંબોધન કરતા તેમણે આક્ષેપ કર્યો હતો કે બનાવટી યાદી એ યલ્લો પૅજમાંથી મોબાઈલ નંબર એકત્ર કરવા બરાબર છે અને તેનો ઉપયોગ પીળાં પત્રકારત્વ માટે કરવામાં આવે છે.

ભારત સહિત અનેક દેશમાં પત્રકારો અને રાજકારણીઓ સહિતના ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોની કહેવાતી જાસૂસી અંગેના અહેવાલનો ઉલ્લેખ કરતા તેમણે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. (એજન્સી)

### પ્રસારમાધ્યમ

પ્રધાન મમતા બેનરજી, રાજસ્થાનના અશોક ગહલોત, દિલ્હીના અરવિંદ કેજરીવાલ સહિતના વિપક્ષના નેતાઓએ પણ આવકવેરાના આ દરોડાને વખોડી કાઢ્યા હતા.

કેન્દ્રના પ્રધાન અનુરાગ ઠાકુરે સ્પષ્ટતા કરી હતી કે આવકવેરા વિભાગ પોતાનું કામકાજ સ્વતંત્ર રીતે કરી રહ્યું છે અને સરકાર તેમાં દખલગીરી નથી કરતું. (એજન્સી)

### કૉંગ્રેસના સાંસદોનું

સૂત્રોચ્ચાર કર્યા હતા.

પૉસ્ટરો અને બૅનરો સાથે તેમણે ખેડૂતો અને તેમની માગણીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

ટ્વીટર પરના સંદેશામાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ''સરકાર ઘમંડી, અન્યાયી અને ખોટી છે. અમે સત્યાગ્રહીઓ અહીં કોઈપણ પ્રકારના ભય વિના એકજૂટ થઈને અહીં ઊભા છીએ. જય કિસાન.''

પૉસ્ટરો અને બૅનરો સાથે સંસદભવનના પરિસરમાં ઊભેલા સાંસદોની તસવીર પણ તેમણે પૉસ્ટ કરી હતી અને કહ્યું હતું કે ખેડૂતવિરોધી કાયદાઓ રદ કરવાની અમે માગણી કરીએ છીએ.

કૉંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું હતું કે સરકારને સદ્‌બુદ્ધિ આવે અને તે વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ રદ કરે.

મોદી સરકારને સદ્‌બુદ્ધિ આવે અને સંસદમાં તે ઘમંડ ત્યજીને કૃષિવિરોધી ત્રણ કાળાં કાયદા રદ કરે એવી અમે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### પૉઝિટિવ ન્યૂઝ

પણ નવા કેસની સંખ્યા લાંબા સમય બાદ ૪૦૦થી નીચે નોંધાઈ હતી. રાજય સરકારના આરોગ્ય વિભાગે આપેલા આંકડા અનુસાર ગુરુવારે નવા ૭,૩૦૨ દરદી અને ૧૨૦ મૃત્યુ નોંધાયાં હતાં. હાલમા રાજયમાં ૧૩.૫ ટકા પોઝિટિવિટી રેટ અને ૨.૦૯ ટકા ડેથ રેટ છે. કુલ એક્ટિવ કેસ ૯૪,૧૬૮ નોંધાયા હતા. મુંબઈમાં ગુરુવારે ૩૮૯ નવા કેસ અને દસ મૃત્યુ નોંધાયા હતા. મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં નવા ૧૧૯૦ કેસ અને ૩૫ મૃત્યુ, નાશિક ડિવિઝનમાં ૮૮૬ નવા કેસ અને આઠ મૃત્યુ, પુણે ડિવિઝનમાં ૨૪૨૭ નવા કેસ અને ૧૭ મૃત્યુ, કોલ્હાપુરમાં નવા ૨૪૫૮ કેસ અને ૪૫ મૃત્યુ નોંધાયાં હતાં.

### ઍમ્નેસ્ટી ઈન્ટરનેશનલનું

ક્યાં પ્રકારના લોકોમાં રસ ધરાવી શકે છે તેનો સંકેત આપે છે. જો કે યાદીમાંથી કેટલાક નામોની જાસૂસી થઇ હતી તે હકીકત છે તેવું ઍમ્નેસ્ટી ઈન્ટરનેશનલે નવા બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું

આ એવા લોકોના નંબરોની યાદી છે જેમના પર એનએસઓના ગ્રાહકો જાસૂસી કરવાની ઈચ્છા ધરાવી શકે છે તેવું સાયબર સિક્યોરિટી જર્નાલિસ્ટ કિમ જૅટરે કહ્યું હતું. (એજન્સી)

### મહારાષ્ટ્રને વરસાદે

એક આફતમાંથી બહાર નથી નીકળ્યા ત્યાં મહારાષ્ટ્રમાં આકાશી આફત તૂટી પડી હતી. કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં થયેલી અતિવૃષ્ટિને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રાજ્યના અનેક જિલ્લામાં મોટાપાયા પર બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વરસાદને કારણે જોકે સૌથી વધુ ફટકો રાયગઢ જિલ્લાને અને કોંકણ પ્રાંતને થયો છે. અહીં આવેલી મોટાભાગની નદીઓમાં ભારે વરસાદને કારણે પૂર આવેલા છે. અહીં એનડીઆરએફ અને નેવી, કોસ્ટલ ગાર્ડને બચાવકામગીરી માટે બોલાવી પડી હતી. સરકારે પૂરજનક વિસ્તારમાં બોટની મદદથી અસરગ્રસ્તોને ફૂટ પેકેટ્સ અને મેડિકલ સહાય ઉપલબ્ધ કરાવી હોવાનું મદદ અને પુનર્વસન પ્રધાન વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું.

હવામાના ખાતાએ કોંકણ અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિની ચેતવણી આપી છે. તો મુંબઈ, થાણે, પાલઘર અને સિંધુદુર્ગમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ખાસ કરીને રાયગઢ, કોલ્હાપુર, રત્નાગિરિ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ત્યારે છેલ્લા બે- ત્રણ દિવસથી રાજ્યના અનેક વિસ્તારમાં થઈ રહેલી અતિવૃષ્ટિને કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. નદીઓમાં આવેલા પૂરને કારણે અનેક ગામ સાથે સંપર્ક તૂટી ગયો છે.

કોલ્હાપુરમાં મુશળધાર વરસાદથી આવેલા પૂરને કારણે એનડીઆરએફની ટુકડીને બચાવ કામગીરી માટે મોકલવામાં આવી હતી. તો કોંકણના રત્નાગિરિના ચિપલૂણમાં પણ થયેલી અતિવૃષ્ટિને પગલે અનેક નદીઓમાં પૂર આવ્યા હતા. બચાવ કામગીરી માટે નેવીની મદદ લેવી પડી હતી. એ સિવાય રત્નાગિરિ અને રાયગઢ અને મહાડમાં પણ બચાવ કામગીરી માટે એનડીઆરએફની બે ટુકડી રવાના કરવામાં આવી હતી.

વિદર્ભના નાગપુર, પરભણી, અકોલામાં મુશળધાર વરસાદને પગલે અનેક ગામ સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. કોંકણ રેલવે ઠપ્પ થઈ ગઈ હતી. મુંબઈ-ગોવા હાઈવે પર બ્રિટિશ કાળનો પૂલ પાણીમાં ડૂબી ગયો હતો.

મધ્ય મહારાષ્ટ્રમાં અહમદનગર, નાશિકમાં ભારે વરસાદ પડી રહ્યો છે. નાશિકમાં તો જુલાઈ મહિનાનો સરેરાશ ૬૫ ટકા વરસાદ પડી ગયો છે. નાશિકમાં મધમેશ્વર બંધમાંથી ગોદાવરીના પટમાં ૬,૩૧૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. કોલ્હાપુરમાં પંચગંગા નદીમાં પૂર આવ્યા હતાં. નદીઓમાં પાણીની સપાટી ૩૬ ફૂટ સુધી પહોંચી ગઈ હતી. અનેક ઘરમાં પાણી ભરાયા હતા. ૭૭ બંધ પાણીની નીચે આવી ગયા હતા. જિલ્લામાં અનેક માર્ગ બંધ કરવા પડયા હતા. ૨૫ કરતા વધુ ગામ સાથે સંપર્ક તૂટી ગયો હતો. સાંગલીની વારણા નદીમાં પૂર આવ્યા હતા.

ખંડાલા ઘાટમાં મુંબઈ પુણે રેલવે માર્ગ પર મંકીહિલ પાસે ભેખડ ધસી પડતા મુંબઈ - પુણે રેલવે ખોરવાઈ ગઈ હતી. મુંબઈ-ગોવા હાઈવેને પણ ટ્રાફિક માટે બંધ કરવો પડયો હતો.

મુંબઈને અડીને આવેલા બદલાપુર, અંબરનાથમાં પણ મુશળધાર વરસાદ પડયો હતો. તેને પગલે બદલાપુરમાં બુધવાર રાતના એક વાગે ઉલ્હાસ નદીએ જોખમી સપાટી વટાવી દીધી હતી. તો ભારે વરસાદને કારણે અંબરનાથ, બદલાપુર, દરમિયાન રેલવે માર્ગ પાણીમાં ધોવાઈ ગયો હતો. ભારે વરસાદને કારણે કર્જતથી લોનાવલા (દક્ષિણ પૂર્વ ઘાટ) દરમિયાન રેલવે ઠપ્પ થઈ હતી. તો કર્જતથી અંબરનાથ વચ્ચે પણ રેલવે ઠપ્પ થઈ ગઈ હતી. કસારા ઘાટ પર ભેખડ ધસી પડતાં રેલ વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.

### એફવાયજેસી સીઈટી

છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાની મહામારીનું કારણ આપીને રાજય સરકારે ઓનલાઇન કે ઓફલાઇન પરીક્ષા લીધી નહોતી અને વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ દરમિયાન કરેલા દેખાવને આધારે પરિણામ જાહેર કર્યા હતાં. તે સમયે પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને કોરોનાનું જોખમ ન નડે તેવા કારણો આપવામાં આવ્યા હતાં, પરંતુ વિચિત્ર વાત એ છે કે હાલમાં કોરોનાનું જોખમ ટળ્યું ન હોવા છતાં રાજ્ય સરકારે ઑફલાઇન પરીક્ષા લેવાનું તૂત ઊભું કર્યું છે, જેનો વાલીઓ, વિદ્યાર્થીઓ અને સ્કૂલ સંચાલકો દ્વારા ભારે વિરોધ થઈ રહ્યો છે.

૨૧મી ઑગસ્ટના રોજ સવારે ૧૧થી એક વાગ્યા દરમિયાન યોજાનારી આ પરીક્ષા માટે બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રો અને હૉલ ટિકિટ જાહેર કરવામાં આવશે અને જે વિદ્યાર્થીઓ સીઇટીની પરીક્ષા આપશે તેમને એફવાયજેસીની પ્રવેશ પ્રક્રિયામાં પ્રાધાન્ય આપવામાં આવશે, એવું બોર્ડે જણાવ્યું હતું. નોંધનીય છે કે કોરોનાની ત્રીજી લહેરનું જોખમ રાજ્ય પર તોળાઈ રહ્યું છે તેમ છતાં સરકાર સીઇટીની પરીક્ષા લેવા તૈયાર થઇ હોવાથી વાલી અને શિક્ષકોની ચિંતા વધી ગઈ છે. આ ઉપરાંત સરકારે કેટલીક બાબતો અંગે સ્પષ્ટતા કરી ન હોવાથી વિદ્યાર્થીઓ પણ મૂંઝવણમાં મૂકાયા છે.

દસમા ધોરણમાં સમાજશાસ્ત્રના વિકલ્પ તરીકે આઇટીનો વિષય ભણ્યા હોય તેવા વિદ્યાર્થીઓને ૨૧મી ઑગસ્ટના થનારી સીઇટીની પરીક્ષામાં આઈટીનો વિકલ્પ પસંદ કરવાની સુવિધા આપવામાં આવશે કે નહીં? આ ઉપરાંત ૯૦ અથવા તેનાથી વધુ ગુણ મેળવી ચૂકેલા વિદ્યાર્થીઓ જો સીઇટીની પરીક્ષા આપે અને તેમને ઓછા માર્ક્સ આવે તો તેમની મનપસંદ કૉલેજમાં પ્રવેશ મળશે? પરીક્ષા આપ્યા બાદ પરિણામ ક્યારે જાહેર થશે અને પ્રવેશ ક્યારે ચાલુ થશે? આમ જ છ મહિના નીકળી જવાના હોય તો આખા વર્ષની ફી શા માટે વસૂલવામાં આવી રહી છે? મેનેજમેન્ટ ક્વૉટા, માઇનોરિટી ક્વૉટા અને સ્પૉર્ટ્સ ક્વૉટા અંતર્ગત પ્રવેશ શેના આધારે આપવામાં આવશે? એવા સવાલો વિદ્યાર્થીઓને ઉદ્ભવી રહ્યા છે. શિક્ષણ પ્રધાન વર્ષા ગાયકવાડ તથા સ્ટેટ બોર્ડ દ્વારા આ વિશે કોઇ સ્પષ્ટતા કરવામાં આવી રહી ન હોવાને કારણે વિદ્યાર્થીઓની ચિંતામાં વધી રહી છે. પરીક્ષા માટેની નોંધણી પ્રક્રિયા ૨૬ જુલાઇ સુધી ચાલુ રાખવામાં આવી છે, પરંતુ બુધવાર અને ગુરુવાર દરમિયાન બોર્ડની વેબસાઇટ પર ટૅક્નિકલ ખામી સર્જાતા વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે, વિદ્યાર્થીઓને અરજી કરવા માટે પૂરતો સમય આપવામાં આવશે એવી ખાતરી બોર્ડના સચિવ ડૉ. અશોક ભોસલેએ આપી હતી.

મુલુંડમાં આવેલી નવભારત નૂતન વિદ્યાલય સ્કૂલના પ્રિન્સિપાલ હેમાલી ગાલાએ 'મુંબઈ સમાચાર' ને જણાવ્યું હતું કે, ટૅક્નિકલ શિક્ષણ લઇ ચૂકેલા વિદ્યાર્થીઓ માટે સીઇટીની પરીક્ષામાં સમાજશાસ્ત્રનો વિષય અઘરો રહેશે. આવા વિદ્યાર્થીઓને ઇંગ્લિશ, ગણિત અને સાયન્સ વિષયમાંથી જ ગુણ આપવામાં આવે અથવા સમાજશાસ્ત્રની જગ્યાએ ટૅક્નિકલ વિષયના પ્રશ્નો પૂછવામાં આવે તો વિદ્યાર્થીઓને સતાવી રહેલી મુશ્કેલીનો અંત આવે. આ તો શક્યતા છે, બોર્ડ દ્વારા સત્તાવાર માહિતી મળી નથી. સીઇટીની પરીક્ષાને કારણે વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ વધારો થઇ રહ્યો છે.

પહેલા રાઉન્ડમાં જ પ્રવેશ મેળવવા માટે શહેરના આશરે ૪૦ ટકા વિદ્યાર્થીઓ પરીક્ષા આપે એવી શક્યતા છે. બોર્ડની અસ્પષ્ટતાને કારણે વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવા અમે અસમર્થ છીએ.